# શહેરના ત્રણ યુવામિત્રોએ શાળા પ્રવેશોત્સવને સાચા અર્થમાં સાર્થક કર્યો

**આગામી પાંચ વર્ષમાં શહેરમાં એકપણ બાળમજુર નહિ હોય એવા સંકલ્પ સાથે ઝુંપડે-ઝુંપડે ફરી ૧૫૦ બાળકોને ભણવા માટે તૈયાર કરનાર ત્રણ યુવકોનો પ્રસંશનીય પ્રયાસ**



ગાંધીનગર, તા. ૧૦

ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ, અણદીઠેલી ભોમમાં, યૌવન માંડે આંખ..' રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની આ પંક્તિઓમાં યૌવનનો મહિમા અદ્દ્ભૂત રીતે વર્ણવાયેલો છે. ગાંધીનગરનું યુવા ધન પણ આ ગુણોથી સભર છે તેની પ્રતિતિ નગરના ત્રણ યુવાનોએ કરાવી છે. તેમને જેટલી શાબાસી આપીએ તેટલી ઓછી પડે તેમ છે.

## સાર્થક શાળા પ્રવેશોત્સવ

ગાંધીનગરના ત્રણ યુવા મિત્રો એક દિવસ એક ચાની કિટલીએ ચા પીવા માટે મળ્યા હતા. ખૂબ જ ઉત્સાહ અને તરવરાટથી થનગનતા આ મિત્રોની આંખમાં કંઈક કરી દેખાડવાનું જોમ ઉછાળા મારતુ હતુ. ચા પીતા પીતા આ ત્રણેય મિત્રો વાતે ચઢ્યાં હતા ત્યાં તેમની નજર ચા ની કિટલી પર 'સર્વિસ' આપી રહેલા ટાબરિયાં પર પડી. એક યુવાને તેને બોલાવી તેની સાથે વાત આરંભી તો ખબર પડી કે એ બાળક આર્થિક મજબુરીના કારણે શાળાએ જવાની ઉંમરે મજૂરી કરી રહ્યો છે. વધુ સવાલ પુછતા તેમને ખબર પડી કે એ બાળક જ્યાં રહે છે તે ઝુંપડપટ્ટીમાં રહે છે. ત્યાં આવા બીજા ઘણા બાળકો છે જે શાળાએ ભણવા જવાની ઉંમરે મજૂરી કરવા જાય છે. અથવા આમ તેમ રખડી ખાય છે. બસ આ વાત સાંભળી ત્રણે યુવાનોના મન ચકરાવે ચઢી ગયા અને ત્રણેય મિત્રોએ આપસમાં ચર્ચા કરી આવા બાળકોને ભણતા કરવા માટે પ્રયાસ હાથ ધરવાનું નક્કી કર્યુ બીજા દિવસથી જ ત્રણેય મિત્રોએ ગાંધીનગરના મીનાબજાર પાસેના ૫૦ થી વધુ ઝુંપડા અને અક્ષરધામની પાસેના ૬૦ થી વધુ ઝુંપડા ખુંદવાનું ચાલુ કરી દીધું. તેમણે આશરે ૧૫૦ થી વધુ બાળકોનો એક વ્યક્તિગત સર્વે કર્યો તો તેમને માલુમ પડ્યું કે આ બાળકો આર્થિક મજબુરી ઉપરાંત તેમના મા-બાપની બેદરકારી અથવા નશાખોરીની આદત, શિક્ષણનું મહત્વ નહી સમજવાને કારણે વગરે જેવા કારણોથી શાળાએ જવાથી વંચિત રહી છે. ત્રણેય યુવાનોએ તમામ બાળકોના વાલીઓને મળી તેમને સમજાવવાનું ચાલુ કર્યુ. એકવાર, બે વાર, ત્રણ વાર એમ અનેક સમજાવટો પછી થોડા-ઘણા બાળકોના મા-બાપ બાળકને શાળાએ મોકલવા તૈયાર થયા. યુવાનોએ આ બાળકોમાંથી ત્રણેક બાળકોને કડી સર્વ વિદ્યાલય કેમ્પસની શાળામાં પ્રવેશ અપાવ્યો

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની ૨૦ પ્રાથમિક શાળાઓમાં આજથી ધો-૮ના વર્ગો આરંભાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાની ૨૦ પ્રા. શાળાઓમાં આજથી ધો-૮ના વર્ગો ચાલુ કરવા માટે રાજય સરકારે આપેલ ખાસ સૂચનાને પગલે શિક્ષણ સમિતિની પૂર્વ મંજુરીની અપેક્ષાએ શરુ કરવામાં આવશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીએન. રાઠોડ તથા મદદનીશ પ્રા. શિ. અ. શ્રી સંજયભાઈ પરમારે આજે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે જે ગામની સરકારી પ્રા. શાળાના ધો-૭માં ૧૫ કે તેથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા છે તેમાં આ શૈક્ષણિક વર્ષથી જ તાત્કાલિક અસરથી ધો-૮ના વર્ગો શરૂ કરવાની સૂચના આપી છે. જિલ્લામાં આવી ૨૦ જેટલી પ્રાથમિક શાળા છે.

આ શાળાઓમાં ધો-૮નો પ્રવેશ પણ બાળકોને આ ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ દરમિયાન કરાવવામાં આવશે

શાળા પ્રવેશોત્સવની વિગતો વિશે તેમણે વાત કરતાં કહ્યું હતું કે જિલ્લામાં આજે ચાર સનદી અધિકારીઓ પ્રવેશોત્સવમાં જોડાવાના છે. આજે જિલ્લાની પ્રથમ ગ્રીન બિલ્ડીંગ પ્રા. શાળા નારદીપુરનું પણ લોકાર્પણ થશે.

ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ચાર હજારથી વધુ બાળકોનું નામાંકન કરાશે તેમ જણાવતાં તેમણે કહ્યું હતું કે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીના પટેલ કુડાસણ ખાતે પ્રારંભ કરાવશે તો શ્રી અનીશ માંકડ રાજનગર ખાતે, શ્રી અરવિંદ અગ્રવાલ કાંઠા અને નારદીપુર ખાતે તથા શ્રી મીના શાહપુર ખાતે પ્રવેશોત્સવના કાર્યક્રમમાં હાજરી આપશે. જિલ્લામાં પ્રવેશોત્સવ ને લઈ ૩૫ જેટલા લાયઝન અધિકારીઓ પણ નિયુકત કરવામાં આવ્યા છે.

# સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર કૌભાંડનું ગાંધીનગર 'એપી સેન્ટર'

**સ્પર્ધાત્મક પરીક્ષામાં અત્યાર સુધીના ચાર પેપર લીક-કૌભાંડમાં ફસાયેલા લોકોના સીધા કનેકશન ગાંધીનગર સાથે જ છે : પોલીસ તપાસમાં કનેકશનનો રેલો મંત્રી અને અધિકારી સુધી પહોંચશે તેવી પ્રબળ શકયતાઓ : નોકરી દલાલોના સચિવાલયમાં આંટા ફેરા વધ્યા**

ગાંધીનગર, તા.૧૦

રાજયની વિવિધ કચેરી અને વિભાગોમાં ખાલી પડેલી વર્ગ ૧ થી ૪ની જગ્યાઓ ભરવા રાજય સરકારે અનેક ભરતી પ્રક્રિયા હાથ ધરી છે. પરંતુ સરકાર આ ભરતી પ્રક્રિયા સફળ રીતે કરાવવામાં તદન નિષ્ફળ નિવડી છે. છેલ્લા એક વર્ષમાં લેવાયેલી અનેક સ્પર્ધાત્મક પરીક્ષા ભ્રષ્ટાચાર અને પેપર લીક થવાની ઘટનાનો ભોગ બની છે. અને તમામ કૌભાંડોના છેડા કયાંક ને કયાંક ગાંધીનગરને મળે જ છે. આથી હવે ગાંધીનગર સ્પર્ધાત્મક પરીક્ષામાં ગેરરીતિ અને પેપર લીક કૌભાંડનું મુખ્ય એપી સેન્ટર બની ગયું છે. પરિણામે નોકરીના દલાલો સફેદ કપડા પહેરી ગાંધીનગરના મંત્રી અને અધિકારીની ઓળખાણ આપી નોકરી અપાવા માટે લાખોના ઉઘરાણા કરી રહ્યા છે. તાજેતરમાં જ તલાટી પેપર લીક પ્રકરણના તમામ તાર ગાંધીનગર સાથે જોડાયેલા છે તેવું બહાર આવ્યું છે. પરિણામે આગામી દિવસોમાં આ તલાટી પેપર લીક કૌભાંડમાં આગામી દિવસોમાં કેટલાક મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓના નામ બહાર આવે તેવા ભણકારા વાગી રહ્યા છે.

રાજય સરકાર દ્વારા આયોજીત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાને લઈ હાલ રૂપિયા લઈ નોકરીઓ અપાવતા નોકરીના દલાલો સક્રીય બન્યા છે. સેટીંગ થાય તો ઠીક છે નહીતર પરીક્ષા અગાઉ જ આખું પેપર ફોડી લાખો રૂપિયાની કમાણી કરી રહ્યા છે. છેલ્લા એક વર્ષમાં ચીફ ઓફિસર તલાટી, નાયબ ચીટનીશ, જુ. કલાર્ક જેવી

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગરમાં સરકારી નોકરી અપાવતા દલાલોનો રાફડો

સરકાર દ્વારા વારંવાર લવાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ કરાવી સરકારી નોકરી અપાવતા દલાલોનો રાફડો ફાટયો છે. મંત્રી અને અધિકારી સાથેની ઓળખાણ આપી ખોટો રોફ ઝાડી મોંઘેરી ગાડીઓ લઈ સચિવાલયમાં રોજ આંટાફેરા મારે છે અને નોકરીના નામે લાખોના ઉઘરાણા કરી રહ્યા છે અને નિર્દોષ લોકોને પોતાની જાળમાં ફસાવી રહ્યા છે.

### દલાલો મોંઘા બંગલા ભાડે રાખે છે

સરકારી નોકરી અપાવતા દલાલો ગાંધીનગર સે-૧, ૮, ૨, ૧૯, ૨૦ જેવા સેકટરોમાં રૂ. ૪૦ હજારથી પણ વધુ ઉંચું ભાડું ચુકવી મસ મોટા બંગલા ભાડે રાખે છે અને લોકોને અભિભૂત કરી લાખો રૂપિયા નોકરીના નામે પડાવી રહ્યા છે.

# વરસાદી વાદળો વિખરાયા પરંતુ ઉકળાટ યથાવત

**ગરમીનો પારો ૩૬ ડિગ્રી સેલ્સીયસ પરંતુ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૨ ટકા : બપોર પછી પવન ફૂંકાતા ધૂળની ડમરીઓ ઉડી : સૂર્યાસ્ત સમયે આકાશમાં નયનરમ્ય દશ્યોનો નજારો**



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં આજે સતત ત્રીજા દિવસે વાતાવરણ વાદળછાયુ રહેવાથી ગરમીમાં રાહતનો અનુભવ થયો હતો. જો કે આજે બપોર સુધીમાં વાદળો છુટા પડી જતા દિવસ દરમ્યાન તડકો પણ રહેવા પામ્યો હતો પરંતુ વાતાવરણમાં ભેજનું પ્રમાણ હોવાથી ગરમી ઓછી ને બફારાનો અનુભવ વધુ થયો હતો.

આજે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સે. નોંધાયું હતુ અને લઘુત્તમ

● અનુસંધાન પાન-૭ પર

## જાહેર નોટીસ

અમો મયંક પી. વોરા, એડવોકેટ એન્ડ નોટરી, ગાંધીનગરના અમારા અસીલો મીનાક્ષી એસોસીએટ્સ વતી (૧) શ્રી નિશીથ જ. વ્યાસ (૨) શ્રી જગત હિ. કારાણી (૩) શ્રી ગનીભાઈ આ. વડિયાની સૂચનાથી જાહેર જનતાને જણાવીએ છીએ કે, તા. ૨૫-૫-૨૦૧૫ના ગુજરાત સમાચાર ગાંધીનગર આવૃત્તિમાં 'શિવ ઈન્ફ્રા' ડેવલોપર્સ દ્વારા 'શિવમ રેસીડેન્સી' સેક્ટર-૨૯, પ્લોટ નં. ૪૦૩, આયુર્વેદિક દવાખાના સામે, આવેલ ૩૪૫ ચો.મી. બંગલાવાળી મિલ્કત અંગે પ્રસિદ્ધ કરેલ જાહેર ખુલાસા તથા જાહેરાત અંગે જણાવવાનું કે, પ્લોટ નં. ૪૦૩ના મૂળ માલિક પ્રેમદાસ લધરદાલ સાધુએ અમારા અસીલોની તરફેણમાં પ્લોટ નં. ૪૦૩ અંગે ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ, કબજા કરાર, પાવર ઓફ એટર્ની, ભાગીદારી દસ્તાવેજ તથા જરૂરી કરારો કરેલા છે. જેથી પ્લોટ નં. ૪૦૩ ઉપર અમારા અસીલોનો સૌ પ્રથમ અગ્રીમ હક્ક, કબજો, અધિકાર રહેલો છે.

જેથી જાહેર જનતાને જણાવવાનું કે, પ્લોટ નં. ૪૦૩ વાળી મિલ્કત અંગે પ્રસિદ્ધ થયેલ ગેરમાર્ગે દોરનારી જાહેરાતથી જાહેર જનતાએ વિશ્વાસમાં રહેવું નહીં, કોઈપણ પ્રકારના ફલેટનું બુકીંગ કરવું નહીં. તથા છેતરામણી જાહેર ખબરથી ગેરમાર્ગે દોરાવું નહીં. તેવી સ્પષ્ટ સૂચના આપીએ છીએ. વધુમાં ઉપરોક્ત પ્લોટ અંગે ગાંધીનગર કોર્ટમાં ૨૦૦૫થી દાવા દુવી પેન્ડીંગ છે. તથા તે મિલ્કત અંગે તકરાર ચાલુ છે. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સહી/-
(મયંક પી. વોરા)
એડવોકેટ એન્ડ નોટરી

# ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગર બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સામાન્ય ચૂંટણી -૨૦૧૫નું જાહેરનામું

### નમૂનો-૧
### (જુઓ નિયમ-૧૬)

ગાંધીનગર જિલ્લા કલેકટરની કચેરીના હુકમ નં. સીબી/એડીએમ-૨/વશી.૧૫૭૭/૭૮ તા.૬-૫-૨૦૧૫ થી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. ગાંધીનગર, સેકટર-૨૫, ગાંધીનગરના સામાન્ય ચૂંટણી માટે કલમ-૧૪૫(ખ) અન્વયે અમોને અધિકૃત કરવામાં આવેલ છે. તેથી ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબત નિયમો-૧૯૮૨ના નિયમ-૧૬ થી મળેલ સત્તાની રૂએ..

હું રાકેશકુમાર વી. વ્યાસ, ચૂંટણી સત્તાધિકારી અને પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગર આથી જાહેર કરૂ છું કે, ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગરના નામે ઓળખાતી સહકારી સમિતિના બોર્ડ ઓફ ડીરેકટર્સના ૧૨ (બાર) સભ્યોની ચૂંટણી થવાની છે જે ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) અધિનિયમ, ૨૦૧૫ તેમજ સુપ્રિમ કોર્ટ દ્વારા SLP (C) No.(S) 26017/2013 તા.૧૯-૧૧-૨૦૧૪ના ચુકાદા મુજબ નિશ્ચિત મતદાર મંડળીઓના મતદારોને કુલ ૧૨ (બાર) વિભાગોમાં જે ગુજરાતી કકકાવારી મુજબ વહેંચવામાં આવેલા છે. જે પૈકીના ૦૧ (એક) થી ૦૪ (ચાર) વિભાગ માત્ર મહિલા ડિરેકટર માટે અનામત છે. જેમાં માત્ર મહિલા મતદાર જ ઉમેદવારી કરી શકશે. બાકીના ૦૫ (પાંચ) થી ૧૨ (બાર) એવા કુલ-૦૮ (આઠ) વિભાગ જનરલ ડિરેકટરો માટેના છે. જેમાં સ્ત્રી કે પુરૂષ મતદાર ઉમેદવારી કરી શકશે. ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના તા.૩૧/૧/૨૦૧૫ના નવીન પેટા કાયદાના નિયમ-૧૯.૧.૧અ મુજબ દરેક વિભાગમાં સમાવિષ્ટ મતદારે તેજ વિભાગમાંથી ઉમેદવારી કરવાની, દરખાસ્ત કે ટેકો આપવાનો રહેશે. આ સાથેની અનુસુચિના કોલમ-૧ માં નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળ અથવા મતદાર મંડળો (જેનો આમાં હવે પછી "સંબંધિત મતદાર મંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની ચૂંટણી સંબંધમાં

A સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગના ઉમેદવારી પત્રો અનુ. નં. ૧ મુજબ મેળવવા માટેની છેલ્લી તારીખ સમય અને સ્થળ જાહેર રજા સિવાય નકકી કરેલ છે.

B સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગના ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ સમય અને સ્થળ અનુ. નં. ૨ માં નકકી કરેલ છે. (જાહેર રજા સિવાય નકકી કરેલ છે)

C સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ સામે સદરહું અનુસુચિના અનું.નં.૩ માં નિર્દિષ્ટ કરેલ તારીખ સમય અને સ્થળે ઉમેદવારી પત્રો પ્રસિધ્ધિ કરવાનું નકકી કરેલ છે.

D સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગના ઉમેદવાર પત્રોની ચકાસવાની તારીખ સમય અને સ્થળ અનુસુચિના અનું.નં.૪ માં નકકી કરેલ છે.

E સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ સામે સદરહું અનુસુચિના અનું. નં. ૫ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને વિભાગવાર માન્ય ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધિ નકકી કરેલ છે.

F સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ સામે સદરહું અનુસુચિના અનું. નં. ૬ માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળને ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવા માટેની છેલ્લી તારીખસુધી તરીકે નકકી કરેલ છે. (જાહેર રજા સિવાય)

G સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ માટે અનુસુચિના અનું. નં. ૭ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને વિભાગવાર હરીફ ઉમેદવારોની છેવટની યાદીની પ્રસિધ્ધિ તરીકે નકકી કરેલ છે.

H સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ સામે સદરહું અનુસુચિના અનું. નં. ૮ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સ્થળને ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદકસંઘ લિ., ગાંધીનગરના સભ્યોની ચૂંટણી કરવાનું જરૂરી હોય તો જે તારીખે તે કરવાની હોય તે તારીખ તેમજ સ્થળ અને સમય નકકી કરેલ છે.

I સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ સામે સદરહું અનુસુચિના અનું. નં. ૯ માં નિર્દિષ્ટ કરેલ સમયને મતદાન કરવાના સમય તરીકે નકકી કરેલ છે.

J સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ સામે સદરહું અનુસુચિના અનું. નં. ૧૦ તથા ૧૧ માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળે મતગણતરી તથા પરિણામ જાહેર કરવાનું નકકી કરેલ છે.

K સંબંધિત મતદાર મંડળના પ્રત્યેક વિભાગ સામે સદરહું અનુસુચિના અનું નં.૧૨ માં નિર્દિષ્ટ કરેલ તારીખે પરિણામ જાહેર કર્યાબાદ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ નકકી કરેલ છે.

**ચૂંટણી સત્તાધિકારી**
**ગાંધીનગર સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગર**
**અને પ્રાંત અધિકારી ગાંધીનગર**

### નમૂનો-૧
### ચૂંટણીની નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે,

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ના બોર્ડ ઓફ ડીરેકટરની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ ના કામે નીચેની વિગતે કાર્યક્રમ બહાર પાડવામાં આવે છે.

| અ.નં. | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧. | ઉમેદવારીપત્રો મેળવવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ (જાહેર રજાના દિવસો સિવાય) | તારીખ :- ૨૬-૬-૨૦૧૫<br>સમય : ૧૧.૦૦ થી ૩.૦૦ કલાક દરમિયાન<br>સ્થળ : પ્રાત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાધીનગર. |
| ૨. | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ (ભરીને પરત આપવા માટેની) (જાહેર રજાના દિવસો સિવાય) | તારીખ : ૨૬-૬-૨૦૧૫<br>સમય : ૧૧.૦૦ થી ૩.૦૦ કલાક સુધી<br>સ્થળ : પ્રાત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાધીનગર. |
| ૩. | મળેલા ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધની તારીખ | જે તારીખે મળે તે તારીખે ૧૮.૦૦ કલાકે<br>સ્થળ : (૧) પ્રાત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાધીનગર.<br>(૨) મામલતદાર ગાધીનગરની કચેરી, ગાધીનગર. |
| ૪. | ઉમેદવારી પત્રોની ચકાસવાની તારીખ, સમય અને સ્થળ | તારીખ : ૨૯-૬-૨૦૧૫<br>સમય : ૧૧.૦૦ કલાક થી<br>સ્થળ : પ્રાત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાધીનગર. |
| ૫. | માન્ય ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | તારીખ : ૩૦-૬-૨૦૧૫<br>સમય : ૧૨-૦૦ કલાકે |
| ૬. | ઉમેદવારી પત્રો પાછા ખેચી લેવાની તારીખ, સમય અને સ્થળ (જાહેર રજાના દિવસો સિવાય) | તારીખ : ૬-૭-૨૦૧૫ સુધી<br>સમય : ૧૧.૦૦ થી ૧૫.૦૦ કલાક સુધી<br>સ્થળ : પ્રાત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાધીનગર. |
| ૭. | હરીફ ઉમેદવારોની છેવટની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | તારીખ : ૬-૭-૨૦૧૫<br>સમય : ૧૭-૦૦ કલાકે |
| ૮. | મતદાન જરૂરી હોય તો તેની તારીખ અને સ્થળ | તારીખ : ૧૬-૭-૨૦૧૫<br>સ્થળ : સભાખંડ, ગાધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સઘ લી., ગાધીનગર. સે-૨૫. ગાધીનગર. |
| ૯. | જે સમય દરમ્યાન મતદાન થશે તે સમય | સમય : ૯.૦૦ થી ૧૫.૦૦ કલાક સુધી |
| ૧૦. | મત ગણતરી માટેની તારીખ, સમય અને સ્થળ | તારીખ : ૧૬-૭-૨૦૧૫<br>સમય : ૧૬.૦૦ કલાકથી<br>સ્થળ : સભાખંડ, ગાધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સઘ લી., ગાધીનગર. સે-૨૫. ગાધીનગર. |
| ૧૧. | મતદાનનુ પરિણામ જાહેર કરવાની તારીખ | તારીખ : ૧૬-૭-૨૦૧૫<br>મતગણતરી પછી તરત જ |
| ૧૨. | ચૂટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ | તારીખ : ૧૬-૭-૨૦૧૫<br>પરિણામ જાહેર કર્યા બાદ |

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૧૧-૦૬-૨૦૧૫**
**નં.પીઓ/એડીએમ/ચટણ/વશી. ૧૫૮૮ થી ૧૫૯૦/૨૦૧૫**
**પ્રાંત અધિકારી, ગાંધીનગરની કચેરી**
**બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર**

**ચૂંટણી સતાધિકારી**
**ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ.**
**ગાંધીનગર અને પ્રાંત અધિકારી, ગાંધીનગર**

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com